વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત.-૩૯૫૦૦૭.
Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC

બિન–શૈક્ષણિક જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા અંગે

આથી તમામ સંબંધિતોને જાણ કરવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા જાહેરનામા ક્રમાંક : GAD/NT/GIA/Emp. Notice/25862/2025 અને નં: GAD/NT/GIA/Emp. Notice/27848/2025 અન્વયે બિન-શૈક્ષણિક જગ્યાઓ માટે મળેલ અરજીઓની ભરતી પ્રક્રિયા સંદર્ભે પ્રમાણપત્ર ચકાસણી અંગેની નોટિસ યુનિવર્સિટી વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તદનુસાર સંબંધિતોએ ઉપસ્થિત રહેવા તેમજ સદર જગ્યાઓની ભરતી સંબંધિત આગળની કાર્યવાહી અર્થેની માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ www.vnsgu.ac.in પર મુકવામાં આવશે તેથી નિયમિત પણે યુનિવર્સિટી અધિકૃત વેબસાઇટ સતત જોવાની રહેશે જેની સંબંધિત તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

ક્રમાંક : જન/એસ્ટા/૧૨૯૯૯/૨૦૨૬ Sd/-
તાઃ ૧૩/૦૬/૨૦૨૬ કુલસચિવ

:: જાહેર નોટીસ ::
શહેર સુરતના વોર્ડ નંબર : ૫, નોંધ નંબર : ૨૧૫ વાળી મીલકત

સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી સબડીસ્ટ્રીકટ શહેર સુરતના હરીપુરા, સુખડીયા શેરીમાં આવેલ વોર્ડ નંબર : ૫, નોંધ નંબર : ૨૧૫ થી નોંધાયેલી મીલકત, જેનું જમીનનું ક્ષેત્રફળ ૩૬.૭૮૯૭ ચો.મી. છે તેના ઉપર અવેલ ગ્રાઉન્ડ ફ્લોર, પહેલો માળ, બીજો માળ તથા ત્રીજો માળ આવેલ છે જેનું બિલ્ટઅપ ક્ષેત્રફળ ૧૨૪.૦૯૨ ચો.મી. વાળી મીલકત તેના માલીક (૧) ધવલ બંસીલાલ સુખડીયા, રહેવાસીઃ સી/૧૦૦૩, ગ્રીનતુલીપ, કેનાલ રોડ, જહાંગીરાબાદ, સુરત. (૨) અવનીશા તે બંસીલાલ સુખડીયાની પુત્રી તથા અનિશકુમાર સુખડીયાની પત્ની, રહેવાસીઃ ૫/૨૨૫, સુખડીયા શેરી, ભાગળની પાસે, હરીપુરા, સુરત. (૩) ભાવેશ દિનકરરાય ઠક્કર, રહેવાસી : ૬૧, ગોવિંદધામ રો હાઉસ, હનીપાર્ક રોડ, અડાજણ, સુરતના પાસેથી અમારા અસીલે વેચાણ રાખવાનું નક્કી કરેલ છે. સદરહુ જમીન ઉપર જો કોઈ ઈસમનો, બેંકનો, સરકારી, અર્ધ-સરકારી સંસ્થાનો કે અન્ય કોઈ હરકોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હિસ્સો, કબજો, ભોગવટો કે કોઈપણ પ્રકારનો બોજો હોઈ તો આ નોટીસ પ્રસિધ્ધ થયેલ દિન-૭ માં લેખિત પુરાવા સહીત જણાવવું. જો તેવું માલૂમ ન પડશે તો તેવા તમામ પ્રકારના હક્કો છોડી દીધેલ ગણાશે તથા મુદત વિત્યે અમારા અસીલ કાયદેસરનો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લેશે. જે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી મારફત
દિનેશચંદ્ર એન. ઉપાધ્યાય એસોસિએટ્સ
ઠે. ૩૦, મહેક બંગલો, વી.ટી. ચોકસી લો-કોલેજની બાજુની ગલીમા, પાર્લે પોઈન્ટ, સુરત.
પ્રણવ ડી. ઉપાધ્યાય
ધવલ ડી. ઉપાધ્યાય
એડવોકેટ્સ

ખરીદનાર સાવધાન

ડિસ્ટ્રિકટ સુરત, સબડિસ્ટ્રિકટ અડાજણનાં મોજે ગામ ઈચ્છાપોરમાં આવેલ જમીન સર્વે નં. ૭૧૪ પૈકી ૭ તથા ૭૧૪ પૈકી ૧૧માં પાડવામાં આવેલ **ભકિતધારા રો–હાઉસમાંઆવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૯૭** (મંજુર થયેલ પ્લાન મુજબ પ્લોટ નં. ૮૫) જેનું ક્ષેત્રફળ ૬૬.૯૧ ચો.મી. વાળી મિલકત જે મિલકતનો વે. ટેનામેન્ટ નં. ૧૧૫એ–૨૩–૦૩૪૩–૦–૦૦૧ છે. સદરહું મિલકત **મર્હુમ ઠાકોરભાઈ સોમાભાઈ પટેલની સ્વપાર્જિત માલિકીની મિલકત ચાલી** આવેલ છે અને સદર સ્વપાર્જિત મિલકતનાં રેવન્યુ રેકર્ડમાં હાલ કહેવાતા **ભુમિકાબેન ઠાકોરભાઈ પટેલ વિગેરેનાં** નામો ચાલી આવેલ છે. જેઓ સદરહું સ્વપાર્જિત મિલકત હાલ પોતાની માલિકી અને કબજાની જણાવી બજારમાં કોઈ ત્રાહિત ઈસમને વેચાણ કરવા ફરી રહેલ છે. જેથી સદરહું સ્વપાર્જિત મીલકતનાં ટાઈટલ/હકક સબંધે જણાવવાનુંકે સદરહું સ્વપાર્જિત મિલકત **મર્હુમ ઠાકોરભાઈ સોમાભાઈ પટેલનાં તા.૧૯/૦૩/૨૦૧૮નાં રોજનાં રસ્ટ્રર વિલ નં. ૧૯૫૬થી તેમની સગી બહેન નયનાબેન તે શાંતિલાલ પટેલની વિધવાને સદરહું સ્વપાર્જિત મિલકતના સ્વતંત્ર માલિકઅને પ્રત્યક્ષ કબજેદાર અને મુખત્યાર તરીકે ઠરાવેલ છે. મરહુમ ઠાકોરભાઈના ભૂમિકાબેન સાથે પતિ પત્ની તરીકેના લગ્ન સંબંધો નું અસ્તિત્વ નથી** જેથી વિલનાં ફરમાન મુજબ સદરહું સ્વપાર્જિત મિલકતનાં ખરા માલિક અને કાયમી પ્રત્યક્ષ કબજેદાર નયનાબેન તે શાંતિલાલ પટેલની વિધવા ચાલી આવેલ છે. જેથી ભુમિકાબેન ઠાકોરભાઈ પટેલ વિગેરેને સ્વપાર્જિત મિલકતનાં કોઈપણ પ્રકારનાં ટાઈટલો કે હકક–હિસ્સા પ્રાપ્ત થતા નથી. સદરહું સ્વપાર્જિત મિલકત સંબધે કોઈપણ વ્યકિતએ આ ઈસમો સાથે કોઈપણ પ્રકારના ખરીદ – વેચાણનાં વ્યવહારો કરવા–કરાવા નહી તેમછતા કોઈ વ્યકિતઓ ધ્વારા આ રીતનાં કહેવાતા વેચાણ વ્યવહાર કરવા–કરાવવામાં આવશે તો તેની સંપુર્ણ જવાબદારી જે– તે વ્યકિતની રહેશે અને સદરહું કહેવાતા આવા તમામ વ્યવહારો આથી રદ બાદત ઠરશે સહી અને ખરીદનારને સદર સ્વપાર્જિત મિલતના કોઈપણ પ્રકારનાં ટાઈટલ/હકકો પ્રાપ્ત થશે નહી અને વધુમાં દાવા–દુવીના પ્રકરણોમાં સંડોવવાવું પડશે. જે બાબતની જાહેર જનતાને આ નોટીસથી જાણ થાય.

તા. ૧૪/૦૬/૨૦૨૬

સ્થળ : એ–૭૦૪, તિરૂપતિ પ્લાઝા, બહુમાળી બિલ્ડીગ પાછળ ફેમીલી કોર્ટની સામે નાનપુરા સુરત.
મારી મારફત
વિશાલ પી. પટેલ
તે નયનાબેન તે શાંતિલાલ પટેલ વિધવાના એડવોકેટશ્રી

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના અરેઠ તાલુકાના મોજે ગામ બોધાન માં આવેલ બ્લોક નં. : ૩૩૯/અ, રે.સ.નં. ૧૭૫/૧ કે જેનો ખાતા નં. ૯૩૫ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૧-૨૦-૦૦ ચો.મી. છે અને જેનો આકાર રૂા. ૭.૩૨ પૈસા છે તે જમીન, જમીનના માલિક શ્રી પંકજભાઈ રણછોડભાઈ પટેલ, અને શ્રી રાકેશભાઈ રણછોડભાઈ પટેલ પાસેથી અમારા અસીલ શ્રી ભીખાભાઈ માધાભાઈ જેતાણી, અને શ્રી વલ્લભભાઈ ઝવેરભાઈ ઝાઝડીયા એ ખરીદ કરવાનું નક્કી કરેલ છે. જેથી આ નોટીસ આપી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે સદર જમીનમાં જે કોઇ વ્યકિત, ઇસમ કે સંસ્થાનો લાગ-ભાગ, હકક, હિસ્સો, ખોરાકી-પોષાકી, સાટાખત કે વેચાણથી આપેલ હોય તો દિન-૦૭ (સાત) માં અમોને પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી અને જો સમયમર્યાદામાં તેમ ન કરવામાં આવે તો કોઇ પ્રકારનો કોઇનો હકક સંબંધ નથી, તેવું માનીને અમારા અસીલ પરસ્પર નકકી થયા મુજબ ઉપરોકત જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.

તા. ૧૪/૦૬/૨૦૨૬

ઓફીસ : S BELDIYA & ASSOCIATES, ૪૦૪-૪૦૫, ધ ગેલેરીયા, કીરણ ચોક પાસે, યોગીચોક, પુણાગામ,સુરત. મો. +૯૧ ૮૦૦૦૩ ૬૮૩૯૩
સંદિપકુમાર જીવરાજભાઈ બેલડીયા
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ

ડિસ્ટ્રીક્ટ સુરત તાલુકો મજુરાના **મોજે ગામઃ બુડિયા**ના રે. સર્વે નં ૪૮/૬ વાળી જૂની શરતની જમીન જેનું કુલે ક્ષેત્રફળ હે.આરે. ૦.૪૬.૫૪ ચો.મી. જેનો કુલ આકાર ૫.૦૦ વાળી જમીન હમારા અસીલના **પિતાજી ભાણાભાઈ સુખાભાઈ નાં નામ પર ચાલી આવેલ હતી. અને તેઓનું તા. ૨૩/૧૧/૧૯૬૪ નાં રોજ મીઠાપૂર ગામના જામનગરના જિલ્લામાં મરણ થયું હતું. પરંતુ ધીરજભાઈ ભાણાભાઈ નામના** ઈસમ જે હમારા અસીલના દૂરના સગા થતાં હોય તેઓને ખબર હતી કે અમારા અસીલ તેમના પરિવાર સાથે મીઠાપૂર રહે છે જેથી તેમણે અમારા અસિલની કિંમતી જમીન હડપ કરી જવા માટે તેઓએ રેવન્યુ રેકોડ નાં એન્ટ્રી નં ૪૭૮ માં હમારા અસીલના માતૃશ્રી મણીબેન તે ભાણાભાઈ સૂખા ની વિધવા નું નામ રેવન્યુ રેકોડ પર દાખલ કારવેલું હતું તેની સાથે ધીરજભાઈ પોતાનું નામ પણ દાખલ કરાવી દીધેલ હતું અને અમારા અસિલની વડીલો પાર્જિત જમીન હડપ કરી જવા માટે તલાટી રૂબરૂ અમારા અસિલની માતૃશ્રી નો બોગસ અંગૂઠા નો નિશાન પણ ઊભા કરેલ હતા. અને **ધીરજભાઈ એ તેઓના કાકા ભાઈ સાથે મળી એક બોગસ સામાયિકપણામાં નામ દાખલ કરવાનો કરાર ૨૫/૦૧/૨૦૦૨** નાં રોજ કરેલ હતો તે કરાર ને **આધારે ધીરાજભાઈ એ નંદીબેન તે દયાળભાઈ કેશાની વિધવા તથા હિરાભાઈ દયાળભાઈ પટેલના નામો** દાખલ કરાવેલ હતા. સદરહું બોગસ સામાયિકપણા નાં કરાર માં **કિશોરભાઇ ભાણાભાઈ પટેલ તથા બીપીનભાઈ રમેશભાઈ પટેલે પણ હમારી માતૃશ્રી મણીબેન** નાં અંગૂઠાના નિશાની ની ઓળખ બોગસ આપેલ છે.હમારા અસીલે તેઓને નોટિસ પણ આપે છે તેમ છતાં તેઓએ આજદિન સુધી કોઈ પણ ડોક્યુમેન્ટો હમારા અસીલને મોકલી આપેલ નથી. અને **તેઓએ યુવરાજ પાટિલ નાં છોકરા રાહુલ પાટિલ સાથે થતાં મહીરાજભાઈ પ્રવીણભાઈ ખાચર જેઓ પોલીસ વાળા નાં ભાઈ થાય છે.** તેઓની સાથે મળી હમારા અસીલને ખોટા વાયદાઓ કરી હમારા અસિલની ૦.૨૩.૨૭ હે.આરે.ચોમી જમીન નો વે. દસ્તાવેજ કરી લીધો અને નાણાં (રૂપિયા) પેટે કોઈ દુકાન (ફ્લેટ) આપવાના હતા. જેના વેચાણ દસ્તાવેજ પર હમારા અસિલની સહી પણ લઈ લીધી છે. તેમ છતાં આજદિન સુધી તે હમારા અસીલ ને આપેલ નથી.ઉપરોકત **રાહુલ યુવરાજ પાટિલ ખેડૂત ખાતેદાર પણ નથી અને તેમની માતા મહારાષ્ટ્ર ગુજરાત બોર્ડર પર રહેતા હતા તેનો દૂરઉપયોગ કરી બોગસ ખેડૂત ખાતેદાર બનેલ છે.** આમ ઉપરોકત જમીન કોઈ પણ ઇસમો એ વેચાણ થી લેવી નહી. નહીં તો તકરાર સિવાય કોઈ ને કઈ પણ મળશે નહી હમારા અસીલ ઉપરોકત તમામે તમામ ઇસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ થી ક્રિમિનલ ફરિયાદ કરનાર છીએ.

તા.૧૪/૦૬/૨૦૨૬

જીતેન્દ્ર એ. વાકાંવાલા એડવોકેટ
ઓફીસ : શ્રી ગેલેરીયા, ૪૨૮-૪૨૯, ચોથો માળ, સંજીવકુમાર ઓડીટોરીયમની બાજુમાં, પાલ-અડાજણ, સુરત. મોઃ ૯૮૨૫૩-૨૪૯૭૮.

અસલ શેર સર્ટીફીકેટ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનુ કે, સુરત ડીસ્ટ્રીકટ, સીટી સબડીસ્ટ્રીકટ, શહેર સુરતનાં અડાજણ વિસ્તારનાં જુના રે.સ.નં. ૪૭૦ તથા ૪૭૧ કે જેનો નવો સર્વે નં. ૪૭૦+૪૭૧ / પૈકી ૧ અને ૪૭૧/ પૈકી ૧ થી નોંધાયેલી જમીન જેનો ટી.પી.સ્કીમ નં.૧૨(અડાજણ), એફ.પી.નં.૧૪ છે તે જમીન ઉપર આવેલ "કૃષ્ણનગર કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિ." વિભાગ-૧ માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૯/ડી થી નોંધાયેલ જમીન અને તેની ઉપર આવેલ બાંધકામ સહિતની મિલકતના માલીક ૧. ભરતકુમાર પુરૂષોત્તમભાઈ કાથરોટીયા અને ૨. હરેશ પુરૂષોત્તમભાઈ કાથરોટીયા ચાલી આવેલ છે. તેઓના જણાવ્યા મુજબ સોસાયટીએ ફાળવી આપેલ સદર મિલકતનું અસલ શેર સર્ટીફીકેટ ભુતકાળમાં ગેરવલ્લે યાને ગુમ થઇ ગયેલ છે અને શોધવા છતા મળી આવેલ નથી. મજકુર મિલકતનાં માલીકોએ સોસાયટી પાસેથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઇશ્યુ કરાવેલ છે. જેથી સદર અસલ જુના શેર સર્ટીફીકેટના આધારે કોઇના પણ હકક અધિકારો આ મિલકત ઉપર ઉભા થયેલા હોય કે ગુમ થયા બાબતે કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો, વિરોધ, અવરોધ કે અટકાયત હોય તો તે અંગેની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને પુરાવા સહિત લેખિતમાં કરવી અને ઓરીજીનલ શેર સર્ટીફીકેટ સુપ્રત કરી દેવા. જો મુદતસર તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યા બાદ સદરહું મિલકતમાં કોઇનો કોઇપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિત, સંબંધ, અધિકાર, ચાર્જ, બોજો, દાવો, ફરીયાદ નથી અને હોય તો જતો કર્યો છે યાને છોડી દીધો છે તેમ માની લેવામાં આવશે. જેની લાગતા-વળગતાઓએ અને જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

ખોવાયેલ શેર સર્ટીફીકેટની વિગત

૧. તા.૦૧/૦૪/૧૯૮૧ ના રોજનું અસલ શેર સર્ટીફીકેટ નં. ૭૬ (શેર નં. ૩૭૬ થી ૩૮૦).

તા.૧૪/૦૬/૨૦૨૬
ઓફીસ સરનામુ : ૩૦૨, માઇલસ્ટોન એકોપોલીસ, સેન્ટરકોર્ટ રેસ્ટોરન્ટની બાજુમાં, પાર્લે પોઇન્ટ, સુરત-૩૯૫૦૦૭.
મો.નં. ૮૫૧૧૮૦૫૯૩૧
નરેશચંદ્ર જે. ચોકસી
અક્ષત એસ. ચોકસી
તે માલીકના એડવોકેટ

અમદાવાદ-ગાંધીનગર 43 ડિગ્રી પાર,દક્ષિણ ગુજરાતમાં મેઘમહેરની શક્યતા

અમદાવાદ,તા.13: ગુજરાતમાં ચોમાસાના આગમનની રાહ વચ્ચે ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાતા લોકો ઉકળાટ અને બફારાથી પરેશાન બન્યા છે. શનિવારે અમદાવાદ અને ગાંધીનગરમાં 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાતા બંને શહેરો રાજ્યના સૌથી ગરમ શહેરોમાં સામેલ રહ્યા હતા. બીજી તરફ હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમિયાન દક્ષિણ ગુજરાત, પૂર્વ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદ અને ગાજવીજની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. એટલે કે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ગરમી અને બફારાનો માહોલ હજુ યથાવત રહેવાની સંભાવના છે, જ્યારે દક્ષિણ ગુજરાત અને પૂર્વ પટ્ટાના વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાંથી આંશિક રાહત મળી શકે છે. રાજ્યમાં ચોમાસાના સત્તાવાર આગમન માટે હજુ થોડા દિવસોની રાહ જોવી પડી શકે તેમ હવામાન નિષ્ણાતો માની રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં વાતાવરણ શુષ્ક રહ્યું હતું અને ક્યાંય નોંધપાત્ર વરસાદ નોંધાયો નહોતો. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુથી નોંધપાત્ર વધુ રહ્યું હતું, જ્યારે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ તાપમાન સામાન્ય કરતાં ઊંચું નોંધાયું હતું.

મોજે કોસાડનાં બ્લોક નં. ૫૬૪, ૫૭૭, ૫૭૮ તથા ૫૬૦ વાળી જમીન અંગે જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

સાવધાન ખરીદનાર સાવધાન

જત આથી તમામ લાગતા વળગતા તથા તમામ જાહેર જનતાને હાલની આ જાહેર નોટીસ થકી જાહેર ચેતવણી આપી જણાવવાનું કે મારા અસીલો નામે નરેશભાઈ બળવંતભાઈ પટેલ તથા કેતનભાઈ બળવંતભાઇ પટેલ રહેવાસી : મોટીફળી, કોસાડ, સુરતના તરફ મળેલ ખાસ સુચના અને ફરમાઇશ અન્વયે જાહેર કરીએ છીએ કે, નીચે કોષ્ટકમાં જણાવેલ ખેડ ખાતાની ખેતીની જમીનો મારા અસીલોનાં નામે તથા કબજા ભોગવટામાં વાપર વપરાશ હેઠળ ચાલી આવેલ છે. અને મજકર તમામ જમીનોમાં મારા અસીલો સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો કબજો ભોગવટો ચાલી આવેલ નથી.

ક્રમ	જીલ્લો	તાલુકો	ગામ	બ્લોક નંબર	ક્ષેત્રફળ	આકાર
૧.	સુરત	કતારગામ	કોસાડ	૫૬૪	૧–૦૪–૨૧	૧૭.૦૦
૨.	સુરત	કતારગામ	કોસાડ	૫૭૭	૦–૬૮–૮૦	૧૧.૨૫
૩.	સુરત	કતારગામ	કોસાડ	૫૭૮	૦–૧૯–૨૨	૨.૯૪
૪.	સુરત	કતારગામ	કોસાડ	૫૬૦	૦–૨૪–૨૮	૩.૧૯

ઉપરોકત કોષ્કટમાં જણાવેલ જમીનોમાં મારા અસીલો તથા મારા અસીલોનાં બહેન નામે હેમાંગીનીબેન બળવંતભાઈ પટેલ તથા તેમનાં વારસદારોનાં નામો સહમાલીક તરીકે ચાલી આવેલ છે, અને મજકુર તમામ જમીનમાં મારા અસીલોનાં બહેન નામે હેમાંગીનીબેન બળવંતભાઈ પટેલ તથા તેમનાં વારસદારોનો રહેલ તેમનો વણવહેંચાયેલો હકક હિસ્સો અન્ય ત્રાહિત ઇસમને વેચાણ કરવા ફરી રહેલાનું મારા અસીલોનાં ધ્યાન ઉપર આવેલ છે. પરંતુ ઉપરોકત કોષ્કટમાં જણાવેલ જમીનો બાબતે તમામ સહમાલીકો વચ્ચે આજદીન સુધી કોઇપણ પ્રકારનો હકક, હિસ્સો હદહુદથી છુટી પાડવામાં આવેલ નથી. જેથી ઉપર કોષ્ટકમાં જણાવેલ જમીનો બાબતે હદહુદથી વહેંચણ કરવામાં આવેલ ન હોવાથી તેમજ હકક, હિસ્સા બાબતે હાલમાં જુદા જુદા રેવન્યુ પ્રકરણો ચાલી આવેલ હોય તેમજ મહેરબાન સુરતનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દિ.મુ. નં. ૨૩૧/૨૦૧૮ નો ચાલી રહેલ છે. જે હાલ પેન્ડીંગ છે.

આમ, સદરહુ ઉપરોકત કોષ્કટમાં જણાવેલ જમીનો વિવાદી જમીનો હોય અને દાવાનો વિષય વસ્તુ હોય સદરહુ જમીનો બાબતે કોઇપણ ઇસમોએ કોઈની સાથે મજકુર જમીનો બાબતનાં ખરીદ-વેચાણ, બક્ષીસ થા હરકોઈ રીતે તબદીલી અંગેનાં કોઈપણ પ્રકારનાં ખરીદ-વેચાણનાં વ્યવહારો કરવા કરાવવા નહી તેમ છતા આવા કોઇપણ ખરીદ-વેચાણનાં વ્યવહારો કરવામાં આવશે તો તેવા તમામ ખરીદ-વેચાણનાં વ્યવહારો ગેરકયદેસરનાં, બિન અમલી અને નિરર્થક તથા હમારા અસીલોને આ જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી થકી કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે સહી અને સદરહુ જમીનોમાં આવા ખરીદ-વેચાણનાં વ્યવહારો કરનારા ઇસમ, વ્યકિત, સંસ્થાઓને કોઇપણ પ્રકારનાં માલીકી હકક કે ટાઇટલ પ્રાપ્ત થશે નહી અને કોર્ટ પ્રકરણો/તકરારો સિવાય કશુ પ્રાપ્ત થશે નહી અને દાવા-દુવીનાં પ્રકરણોમાં સંડોવાવુ પડશે, જેની ગંભીર નોંધ લેવી.

તા. ૧૪/૦૬/૨૦૨૬

કિરણ એમ. પટેલ
એડવોકેટ
Mob.No. : 70466 50970

મહેન્દ્ર એમ. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી
Mob.No. : 98245 69273

નરેશભાઈ બળવંતભાઈ પટેલ તથા કેતનભાઈ બળવંતભાઈ પટેલનાં એડવોકેટસ
ઓફિસ : ૯, સ્મિત રેસીડેન્સી, કોસ રોડ, અમરોલી, સુરત-૩૯૪૧૦૭.

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, તાલુકા ઉધના, મોજે **ઉધના** ના રેવન્યુ સર્વે નંબર : ૨૫૫, ટી.પી.સ્કીમ નંબર : ૨, ફાયનલ પ્લોટ નંબર : ૭૨ વાળી જમીન કે જેમાં આયોજીત **''સાંઈ સમર્પણ કો ઓ હા સોસા લી''** ના નામે ઓળખાય છે તે જમીનમાં આવેલા રહેણાંકના પ્લોટો પૈકી **પ્લોટ નંબરઃ ૨૫** વાળી જમીન + બાંધકામ સહીત ની મીલકત કે જેનું તળ જમીનનું ક્ષેત્રફળ **૩૯.૯૭ ચોરસ મીટર** તથા વેરાબીલ મુજબ બાંધકામના વપરાશનું ક્ષેત્રફળ ૧૫૦.૩૦ ચો.મીટર યાને બિલ્ટઅપ ક્ષેત્રફળ **૧૮૦.૩૬ સમ ચોરસ મીટર** છે તથા તેને લાગુ અંદરના તથા બહારના તમામ અધિકારો સહીતની મીલકતના માલીક **(૧) રાજેન્દ્ર અમરતલાલ કોયાવાલા, (૨) ભાવનાબેન રાજેન્દ્ર કોયાવાલા** ચાલી આવેલા હોવાનું જણાવી સદરહુ મીલકત મારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. આથી, તમામ લાગતા વળગતાને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે સદરહુ મીલકત બાબતે કોઈપણ સરકારી, સહકારી, ખાનગી બેંક, સંસ્થા, સોસાયટી તથા અન્ય ઈસ્મો નો બોજો, કરજ, ચાર્જ, લિયન યા કોઈ પણ પ્રકારના હકક, હીત, હીસ્સો કે દર દાવો હોય તો **દિવસ–૭** માં દસ્તાવેજી પુરાવા સહીત અમોને જાણ કરવી, અન્યથા મુદત વિત્યા બાદ સદરહુ મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારે હકક, હીત, હીસ્સો નથી તેમ માની લેવાશે અને સદરહુ મીલકત અન્વયે નકકી થયેલ વેચાણ અવેજ સદર ઉપરોકત જણાવેલ માલીકોને ચુકવી મારા અસીલ કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરી સદરહુ મીલકતના કાયદેસરના માલીક, મુખત્યાર, કબજેદાર, ભોગવટેદાર થશે જેની આથી સર્વે જણે ખાસ નોંધ લેવી. *અસીલની સુચનાથી,*

તા. ૧૪/૦૬/૨૦૨૬
ઓફીસ : ૬, અપર ગ્રાઉન્ડ, ભાવસારવાડી, ઈચ્છામહેતાની શેરી, સગરામપુરા, સુરત–૨. મોબાઈલ : ૯૮૨૫૭૦૫૧૭૭
મારી મારફત
અજય સી. ભગત
(એડવોકેટ & નોટરી)

તબદીલી માટે આવેલ અરજી અનુસંધાને જાહેર નોટીસ

આથી હર કોઇને જાણ કરવાની કે શહેર સુરતના કોર્પોરેશન વિસ્તારમાં ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી. ના વહીવટ હેઠળ ચાલી આવેલ મિલકત યાને બ્લોક/સર્વે નં. ૧૪૦ થી ૧૫૦+૧૬૬પૈકી પ્લોટો નં. એ/૧૫/૪ સુમારે સ.ચો.વાર ૩૦૦ તથા એ/૧૫/૪એ સુમારે સ.ચો. વાર ૩૦૦ થી નોંધાયેલ જમીન અમલા સહીતની મિલકતમાં સંઘના રેકર્ડ મુજબના ધારણકર્તા સર્વશ્રી હસમુખભાઈ ભીખાભાઈ પોલરા તથા રીટાબેન હસમુખભાઈ પોલરા રહેવાસીઃ રોડ નં.૮, ઉદ્યોગનગર ઉધનામાં ચાલી આવેલ છે. મજકુર મિલકત કલાસીક સોંગ ઈન્ડીયા પ્રા.લી. વતી તથા તરફે તેના ડીરેક્ટર સમકિત નિલેશકુમાર ઝવેરીને વેચાણથી પ્રાપ્ત થયેલ હોવાનું જણાવી નામ ટ્રાન્સફર કરવા સંઘમાં અરજી કરેલ છે. મજકુર અરજીના અનુસંધાને વેચાણથી ઉપરોક્ત જણાવેલ વ્યક્તિનું નામ સંઘના રેકર્ડ પર દાખલ કરી રેકર્ડ દુરસ્તી કરવામાં કોઇ વ્યક્તિ, બેંક યા સંસ્થાનો કોઇપણ જાતનો લાગ, ભાગ હકક-હિત યા હિસ્સો અન્ય કોઇપણ પ્રકારનો હકક હોય તથા આ વેચાણની નોંધ સામે કોઇ વાંધો હોય તો તેણે પોતાનો દર-દાવો યા વાંધો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં લેખિતમાં વિગતવાર આધાર પુરાવા સહિત સંઘમાં પહોચાડવો. જો ઉપરોક્ત મુદતમાં ઉપર મુજબ કોઇ વાંધો નહી આવે તો મુદત વીત્યે મજકુર અરજી અનુસંધાને વેચાણની નોંધ સામે કોઇ વ્યક્તિ, બેંક યા સંસ્થાને વાંધો યા તકરાર નથી અને હોય તો તે જતાં કરેલ છે, એમ માની મજકુર અરજી મુજબ નામો દાખલ કરી રેકર્ડ દુરસ્તી કરવામાં આવશે અને પાછળથી કોઈની કોઈ તર-તકરાર ચાલશે નહી, જેની લાગતા-વળગતાએ નોંધ લેવી.

જનરલ મેનેજર
ધી ઉ. ઉ. સ. સંઘ લી; ઉધના.

મોજે ડુમસના રે.સ.નં. ૬૪૬ અને ૬૪૭ વાળી જમીનો અંગેની જાહેર નોટીસ અને જાહેર ચેતવણીનો અમો ધીરજભાઈ બાલુભાઈ આહિરનો જાહેર જવાબ તેમજ વળતી જાહેર ચેતવણી

મોજે ડુમસના રે.સ.નં. ૬૪૬ અને ૬૪૭ વાળી જમીનો બાબતે તા. ૨૫-૦૫-૨૦૨૬ ના રોજ એડવોકેટ રાહુલ એમ. પટેલનાએ તેઓ અસીલ જયેશ મંગળભાઈ પટેલના તરફે જે જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી છપાવેલ છે તે જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી તદ્દન ખોટી, ગેરકાયદેસરની, ગુનાહિત ઈરાદાવાળી અને બદઈરાદાપૂર્વકની છે.

ખરી હકીકતો એવી છે કે, સદરહુ જમીનો ભીખુભાઈ રામુભાઈ, પ્રવિણભાઈ રામુભાઈ, રમેશભાઈ રામુભાઈ, શશીકાંત રામુભાઈ, જયેશભાઈ રામુભાઈ, પ્રેમીલાબેન રામુભાઈ, નીરૂબેન રામુભાઈ તે ઠાકોરભાઈની ધણીયાણી, પદમાબેન રામુભાઈ તે જયેશભાઈ મુળચંદભાઈની ધણીયાણીએ અમો ધીરજભાઈ બાલુભાઈ આહીરને કાયદેસર રીતે કિંમતી અવેજ સ્વીકારી વેચાણ આપેલ છે. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં અનુક્રમ નં. ૩૭૬૦ થી તા. ૨૩/૦૩/૨૦૦૫ ના રોજ નોંધવામાં આવેલ છે.

તેમ છતાં હાલમાં શશીકાંત રામુભાઈ આહીર વિગેરે એટલે કે મુળ જમીનમાલિકો જયેશ મંગળભાઈ પટેલના જેવા લેન્ડગ્રેબરોના ઈશારે અને હાથો બની અમારા હિતની વિરુધ્ધ કામગીરી કરી રહેલ છે. સદરહુ જમીનો બાબતે મુળ જમીનમાલિકોને સને ૨૦૦૫ થી કોઈ લોકસ સ્ટેન્ડી ન હોવા છતાં આ જયેશ મંગળભાઈ પટેલના મેળાપીપણામાં ખોટા પ્રકરણો ઉભા કરેલ છે. તે એ રીતે હાલમાં મુળ જમીનમાલિકો પૈકી રમેશભાઈ રામુભાઈ આહિરના અવશાન બાદ બદઈરાદાપુર્વક સદરહુ જમીનોના રેવન્યુ રેકર્ડમાં રમેશભાઈ રામુભાઈની વારસાઈ અંગેની ફેરફાર નોંધ નં. ૧૧૧૬૦, તા. ૨૭/૧૧/૨૦૨૪ ના રોજ પડાવેલ હતી. જે ફેરફાર નોંધ બાબતે અમોએ કાયદેસર રીતે તકરાર ઉપસ્થિત કરતાં આવી ફેરફાર નોંધ નં. ૧૧૧૬૦ બાબતે આર.ટી.એસ તકરારી કેસ નં. ૧૦/૨૦૨૫ દાખલ કરવામાં આવેલ હતો. જેમાં અમોએ વેચાણ દસ્તાવેજ અંગેની સાચી હકીકતો જાહેર કરતાં સદરહુ જમીનોના રેવન્યુ રેકર્ડમાં પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં. ૧૧૧૬૦ નામંજુર કરવામાં આવેલ છે.

અમારાથી શરતચૂકથી અમારા વેચાણ દસ્તાવેજની નોંધ પડાવવાની રહી ગયેલ હતી. પરંતુ મુળ જમીનમાલિકોના બદઈરાદાની જાણ થતાં અમોએ સદરહુ જમીનોના રેવન્યુ રેકર્ડમાં અમારા વેચાણ દસ્તાવેજની ફેરફાર નોંધ પાડવા માટે મામલતદારશ્રી મજુરાને તા. ૦૩/૦૨/૨૦૨૫ ના રોજ અરજી આપેલ હતી. જે અરજીના સંદર્ભમાં મામલતદારશ્રી મજુરાએ નામદાર સિવિલ કોર્ટના આંક-૫ હેઠળના તા. ૨૯/૧૨/૨૦૦૭ ના હુકમ મુજબ સદરહુ જમીનોની યથાવત પરિસ્થિતી જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે તેમ જણાવી અમારા વેચાણ દસ્તાવેજ અંગેની ફેરફાર નોંધ પાડવા માટેની અરજી સ્વીકારેલ નહીં. જો કે જે સ્પે. દિ. મુ. નં. ૧૧૧/૨૦૦૫ ના દાવાના કામે યથાવત પરિસ્થિતી જાળવી રાખવાનો હુકમ કરેલ છે તેવા દાવાના અમો પક્ષકાર ન હતાં અને આજે પણ નથી. તેમજ તેવા દાવાના કામે અમોને પક્ષકાર તરીકે જોડવાની સુધારાઅરજી આપેલ. જેનો અમોએ અમારા એડવોકેટ મારફતે હાજર થઈ વિરોધ કરેલ છે. જે સુધારાઅરજીનો હુકમ આજદીન સુધી નામદાર કોર્ટે કરેલ નથી. જેથી આવો દરમ્યાન મનાઈહુકમ અમોને લાગુ પડતો ન હોવાથી અમોએ અમારા વેચાણ દસ્તાવેજની ફેરફાર નોંધ પડાવવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સી. એપ્લી. નં. ૨૮૨૮/૨૦૨૫ દાખલ કરેલી. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટેના જસ્ટીસ નિખિલ એસ. કરૈલ સાહેબે તા. ૧૬/૦૪/૨૦૨૫ ના રોજ હુકમ કરી સદરહુ જમીનોના રેવન્યુ રેકર્ડમાં કાયદેસરની કાર્યવાહી કરી એટલે કે લે.રે.કોડની કલમ ૧૩૫(ડી) ની નોટીસ આપી વેચાણ દસ્તાવેજની ફેરફાર નોંધ પાડવા જણાવેલ અને તે મુજબ સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડમાં અમારા વેચાણ દસ્તાવેજ અંગેની ફેરફાર નોંધ નં. ૧૧૩૩૧, તા. ૦૫/૦૫/૨૦૨૫ ના રોજ પાડવામાં આવેલી. જે નોંધ બાબતે શશીકાંત રામુભાઈ આહિરે જયેશ મંગળભાઈ પટેલના મેળાપીપણામાં વાંધાઓ રજુ કરેલ અને તે અંગે આર.ટી.એસ. તકરારી કેસ નં. ૮૨/૨૦૨૫ ચાલી જતાં નાયબ કલેકટર સીટી પ્રાંત (દક્ષિણ) મજુરા, વિ.જે.ભંડારી સાહેબે નામદાર હાઈકોર્ટના હુકમની ઉપરવટ જઈ આ શશીકાંત રામુભાઈ આહિર અને જયેશ મંગળભાઈ પટેલના મેળાપીપણામાં તદ્દન ખોટો અને ગેરકાયદેસરનો હુકમ કરેલ છે. શશીકાંત રામુભાઈ આહિરની વાંધાઅરજી ગેરકાયદેસર રીતે મંજુર કરેલ. કારણ કે આર.ટી.એસ. તકરારી કેસ નં. ૧૦/૨૦૨૫ ના કામે નાયબ કલેકટરશ્રી વિ.જે.ભંડારીએ વેચાણ દસ્તાવેજ હોવાનું જણાવી વારસાઈ અંગેની ફેરફાર નોંધ નં. ૧૧૧૬૦ નામંજુર કરેલ અને આર.ટી.એસ. તકરારી કેસ નં. ૮૨/૨૦૨૫ ના કામે મનાઈહુકમ હોવાનું જણાવી શશીકાંત રામુભાઈ આહિરની વાંધાઅરજી અંશતઃમંજુર કરેલ. જયારે મનાઈહુકમ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે અગાઉથી અમોને મનાઈહુકમ લાગુ પડતો ન હોવાનું જણાવી અમારા વેચાણ દસ્તાવેજની ફેરફાર નોંધ પાડવા માટે હુકમ કરેલ છે. આમ, નાયબ કલેકટરશ્રી વિ.જે.ભંડારીએ શશીકાંત રામુભાઈ આહિર અને જયેશ મંગળભાઈ પટેલના મેળાપીપણામાં હુકમ કરેલ હોવાનું પુરવાર થાય છે. વળી, બંને આર.ટી.એસ. પ્રકરણોમાં જયેશ મંગળભાઈ પટેલ શશીકાંત રામુભાઈ આહિર વતી હાજર રહેતાં હતાં. જે કચેરીના સીસીટીવી કેમેરામાં કેદ થયેલ છે. પરંતુ અમોએ નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત (દક્ષિણ) મજુરાના વેચાણ દસ્તાવેજની નોંધ નામંજુર કરવાના હુકમ વિરુધ્ધ અમારા બંધારણીય હકકો ઉપર તરાપ પડેલ હોવાથી અને નામદાર ગુજરાત હાઈકોર્ટના અગાઉના હુકમ મુજબ રેવન્યુ રેકર્ડમાં મનાઈહુકમની ફેરફાર નોંધ હોવા છતાં વેચાણ દસ્તાવેજની નોંધ પાડવાનો હુકમ કરેલ હોવા છતાં વેચાણ દસ્તાવેજની નોંધ પ્રમાણિત કરવાને બદલે નામંજુર કરેલ હોવાથી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સિ. એપ્લી. નં. ૧૨૫૮૧/૨૦૨૫ દાખલ કરેલ. જેમાં નામદાર નામદાર ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ વૈભવી ડી. નાણાંવટીએ તા. ૧૫/૦૯/૨૦૨૫ ના રોજ હુકમ કરી નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત(દક્ષિણ) મજુરાનો હુકમ સ્ટે કરી દીધેલ છે અને રેવન્યુ અધિકારીઓને સદરહુ જમીનોના રેવન્યુ રેકર્ડમાં અમારા વેચાણ દસ્તાવેજની કાચી નોંધ નં. ૧૧૩૩૧ આ સ્પે. સિ. એપ્લીકેશન નં. ૧૨૫૮૧/૨૦૨૫ નો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી રહેવા દેવા હુકમ કરેલ છે. આમ, હાલમાં સદરહુ જમીનોનો રેવન્યુ રેકર્ડમાં અમો ધીરજભાઈ બાલુભાઈ આહિરનું ચાલી આવેલ છે.

મુળ જમીનમાલિકો કે જયેશ મંગળભાઈ પટેલનાઓએ સદરહુ જમીનો બાબતે કોઈ કાયદેસરના હકકો કે અધિકારો નથી. તેમ છતાં સદરહુ જમીનો પચાવી પાડવા માટે કાવતરાંઓ રચી કાવતરાઓનાં ભાગ રૂપે એકબીજાના મેળાપીપણામાં હાલમાં એક તદ્દન ખોટો, બોગસ અને બનાવટી સ્પે.દિ. મુ. નં. ૫૬/૨૦૨૬ નંબરનો દાવો કરેલ છે. જેમાં અમોને બદઈરાદાપુર્વક પક્ષકાર તરીકે સામેલ કરેલ ન કરી એકબીજાના મેળાપીપણામાં નામદાર સિવિલ કોર્ટને ગેરરસ્તે દોરી સદરહુ જમીનો અંગે હુકમ અને હુકમનામું મેળવવાની કોશિશ કરી રહેલ છે. રેવન્યુ રેકર્ડમાં તમામ પ્રકરણોની નોંધો હોવા છતાં એડવોકેટશ્રીએ આવો બોગસ દાવો ઉભો કરેલ છે. જેથી તેઓનું પણ દાવાના કામે મેળાપીપણું હોવાનું પ્રથમ દર્શને સાબિત થાય છે.

સદરહુ જમીનો બાબતે સને ૨૦૦૫ થી અમોના નામનો વેચાણ દસ્તાવેજ થયાં બાદ કોઈ પણ વ્યકિતઓને સદરહુ જમીનો બાબતે કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત થતાં નથી. વેચાણ દસ્તાવેજ અને વેચાણ દસ્તાવેજની નોંધની તમામ હકીકતોથી જયેશ મંગળભાઈ પટેલ અને શશીકાંત રામુભાઈ આહિર જાણકાર અને માહિતગાર છે. તેમ છતાં લેન્ડ ગ્રેબીંગ કરવા બદઈરાદાથી ગેરકાયદેસર રીતે એકબીજાના મેળાપીપણામાં ખોટા અને કાયદા વિરુધ્ધના કરારો ઉભા કરી તેનો દુરપયોગ કરી નામદાર સિવિલ કોર્ટના પ્રોસેસનો દુરપયોગ કરી નામદાર કોર્ટને ગેરરસ્તે દોરવી એકતરફી હુકમ મેળવવાની કોશિશના ભાગે દાવો દાખલ કરેલ છે. જે અંગે અમો પોલીસ ફરીયાદ કરનાર છીએ. સદરહુ જમીનોના ભાવો આસમાને જતાં શશીકાંત રામુભાઈ આહીર તથા તેઓના ભાઈ-બહેનો એકબીજાનાં મેળાપીપણામાં અમારી પાસેથી નાણાં પડાવવાના બદઈરાદે ખોટા પ્રકરણો ઉભા કરવાની કોશિશના ભાગ રૂપે જયેશ મંગળભાઈ પટેલ અને કોઈ ફળદ્રુપ ભેજાની મદદગારીમાં સદરહુ જાહેર નોટીસ છપાવેલ હોવાનું જણાય આવે છે. પડદા પાછળ અન્ય ઘણા બધા માણસો અમારા કાયદેસરના હકકો છીનવવા માટે તજવીજ કરી રહેલ હોવાનું જણાય આવે છે. સદરહુ જમીનના સંપુર્ણ માલિક, મુખત્યાર અને કબજેદાર અમો ધીરજભાઈ બાલુભાઈ આહિર જ ચાલી આવેલ છે. જેથી આવી ખોટી જાહેર નોટીસ અને જાહેર ચેતવણીથી જાહેર જનતાએ ભરમાવું નહીં. તેમજ વધુમાં સદરહુ જમીનો સને ૨૦૦૫ ના વેચાણ દસ્તાવેજની રૂએ અમારી કાયદેસરની માલિકી, કબજા ભોગવટા વહીવટ હેઠળની ચાલી આવેલ છે.

સબબ, સદરહુ જમીનો બાબતે કોઈ પણ વ્યકિતઓએ કોઈ પણ પ્રકારના ગેરકાયદેસરના લખાણો કે દસ્તાવેજો ઉભા કરવા કરાવવા નહીં. કે અમારા કાયદેસરના માલિકી હકકોને નુકશાન થયા તેવા કોઈ પણ પ્રકારના કૃત્યો કરવા કરાવવા નહીં. અન્યથા તેવા ઈસમો વિરુધ્ધ ફોજદારી કાર્યવાહીમાં સંડોવાવું પડશે. જેની ગંભીર નોંધ લેવી. અમો ટુંકમાં સમયમાં જ જયેશ મંગળભાઈ પટેલ અને જમીનના મુળ માલિકો તથા પડદા પાછળ કામ કરતાં ઈસમો વિરુધ્ધ પોલીસ કાર્યવાહી કરનાર છીએ.

મારી મારફતે :- **અમિત બી. પટેલ** એડવોકેટ
એફ/૧, પટેલ પાર્ક, તાડવાડી, રાંદેર રોડ, સુરત. મો. નં. ૯૮૯૮૦-૦૫૬૭૫

(ધીરજભાઈ બાલુભાઈ આહિર)